નમસ્કાર ગાંધીનગર

પમરાટ

થાય છે જે જિંદગીમાં તેનું કારણ હોય છે,
ક્યાંક હું પણ હોઉં છું ને ક્યાંક તું પણ હોય છે.

સાવ હળવી ચોટથી સંબંધો તૂટી જાય છે,
એટલે આ લાગણીઓનુંય ભારણ હોય છે.

પ્રેમનો આ રોગ આમ જ હર ઘડી વધતો જશે
પણ ડરો ના કાંઈક તો એનુંય મારણ હોય છે.

કોઈને પામ્યા વગર પણ ચાહવું,સ્વીકારવું,
થઇ શકે આવું બધું જ્યાં મીઠી સમજણ હોય છે.

- અંજના ગોસ્વામી'અંજુમ આનંદ'

પાથેય

- રમેશ ઠક્કર

પામ્યા વગર ચાહવાની મજા..

શરતી હોય એવા પ્રેમ સંબંધ ના હોઈ શકે.સરકારી આદેશમાં હોય એવી ઢગલાબંધ શરતો માનવ સંબંધો માટે ના રાખી શકાય.બિનશરતી સ્નેહની આગવી સુગંધ હોય છે.ઈશ્વરે માણસને જ લાગણીઓ આપી છે એવું નથી. પ્રાણીઓમાં પણ પ્રેમની ઝલક જોવા મળે છે.આપણી નજરે તુચ્છ લાગતા હોય એવા જીવોમાં પણ લાગણી માટેની તત્પરતા જોવા મળે છે.હમણાં જ એક સુંદર કથા વાંચવામાં આવી.

એક જાપાનીઝ ભાઈએ એક વર્ષ પહેલાં ખરીદેલા એના રહેઠાણના ઘરના એક ભાગમાં જાતે જ થોડા ફેરફાર કરવા માટે એક દીવાલ તોડવાનું ચાલુ કર્યું. એ એક જાણીતી વાત છે કે જાપાનમાં વારંવાર થતા ધરતીકંપને લીધે મકાનોની લાકડાની બે દીવાલો વચ્ચે થોડી જગા રાખવામાં આવતી હોય છે . આ જાપાનીઝ જ્યારે લાકડાની આ દીવાલ તોડવાનું કામ કરતા હતા ત્યારે દીવાલના અંદરના ભાગમાં એમણે એક મોટી ગરોળી (Lizard) ને ફસાએલી જોઈ.એક વર્ષ પહેલાં એમનું આ ઘર જ્યારે બનતું હશે ત્યારે બહારથી દીવાલોમાં જે ખીલીઓ મારવામાં આવી હશે એમાંની એક ખીલી દીવાલની અંદરના ભાગે અકસ્માતે આ ગરોળીના એક પગની મધ્યમાં લાગી ગઈ હશે .આને લીધે એ ત્યાંથી જરા પણ ચાલી કે ખસી શકે એમ ન હતી .એ ગરોળી એક વર્ષ પછી પણ હજુ જીવિત હતી . આ ભાઈએ જ્યારે આ દ્રશ્ય જોયું ત્યારે પહેલાં તો એને આ નાના પ્રાણી ઉપર દયા આવી . એની સાથે એને મનમાં એક આશ્ચર્ય પણ થયું કે એક વર્ષ પહેલાં જ્યારે આ ઘર બાંધવામાં આવેલું એ વખતે આ ખીલી મારવામાં આવેલી તો આ ગરોળી એક વર્ષ સુધી બે દીવાલો વચ્ચે ખોરાક વિના જીવી કેવી રીતે ! એના માટે આ એક કોયડો બની ગયો કે આ ગરોળીના પગમાં ખીલીને લીધે એ જરા પણ ટ્સ કે મસ્ ન થઈ શકે એવી સ્થિતમાં એ જીવી કેવી રીતે ? આ જાપાનીઝ ભાઈએ દીવાલ તોડવાનું કામ થંભાવી દીધું. ત્યારબાદ એ આ ગરોળીનું નિરીક્ષણ કરવા લાગ્યો કે એ શું ખાય છે અને ખોરાક ક્યાંથી મેળવે છે . એ જ્યારે આ નિરીક્ષણ કરી રહ્યો હતો ત્યાં એણે જે જોયું એથી એના આશ્ચર્યનો પાર ન રહ્યો .એણે જોયું કે કોણ જાણે ક્યાંથી એક બીજી ગરોળી એના મોંઢામાં ખોરાક લઈને આ ફસાયેલી ગરોળીની નજીક આવી રહી હતી .એ ગરોળી એના આ દુખી પ્રિય પાત્રના મુખમાં ખોરાક મુકીને ત્યાંથી સરકી ગઈ .જાપાનીઝને તુર્ત જ સમજાઈ ગયું કે ખીલીમાં ફસાઈ ગયેલી ગરોળીને એક બીજી

ગરોળી ખોરાક લાવી એને ખવડાવીને એક વર્ષથી જીવાડી રહી હતી . એક મૂઢ પ્રાણીએ એના પ્રિય પાર્ટનરના જીવન માટેની આશા જીવંત રાખી હતી .મુશ્કેલીમાં પણ એનો ત્યાગ કર્યો ન હતો . આ એક નાનો અમથો અબુધ જીવ મનુષ્ય જાત માટે કેવો મહાન સંદેશ આપી જાય છે ! ભગવાને દરેક જીવમાં પ્રેમ અને ત્યાગની લાગણી મૂકી હોય છે એનો આ બે ગરોળીઓની સાચી પ્રેમકથા એક પુરાવો છે.

પ્રેમકથાઓ માત્ર માણસોની જ હોય છે એવું આપણે માની લીધેલું હોય છે. ઈશ્વરે જ્યાં પણ ચૈતન્ય મૂક્યું છે,ત્યાં સાથે લાગણીઓ પણ મૂકી છે.એ ખરું કે દરેકની લાગણી માટેની અભિવ્યક્તિ અલગ અલગ હોય છે.એ બધામાં લાગણીનો જે ધબકાર હોય છે એ સર્વત્ર એકસરખો હોય છે.

જે પરિવારમાં સૌહાર્દ, સંભાળ અને સૌજન્યના ત્રણ 'સ' ત્યાં પ્રેમ અને લાગણીનું સામ્રાજ્ય

બે મિત્રો ઘણા સમય પછી મળ્યા. કલાકો સુધી અલક મલકની વાતો કરી. વાતમાંથી વાત નીકળી ત્યારે એક મિત્રએ બીજા મિત્રને કહ્યું, 'દોસ્ત, હું તારો આભાર માનવાનું ભૂલી ગયો ?' પેલા મિત્રએ આશ્ચર્ય સાથે પૂછ્યું, ' મારો આભાર ? કઈ બાબત માટે ?' ત્યારે મિત્રએ કહ્યું, 'તારા દીકરાએ મારા એક એગ્રીકલ્ચર પ્રોજેક્ટ માટે ખૂબ મદદ કરી. એના કારણે મને ઘણી રાહત મળી છે. તને આ વાતની ખબર જ નથી ?' ત્યારે એ મિત્ર જરા ઝંખવાણો પડી ગયો. જોકે એમણે એમના મિત્ર આગળ એમની ઓછપ વિશે કશું ન બતાવ્યું. પણ મનોમન વિચારે ચડી ગયા. મારા જ ઘરમાં સંવાદ અને આત્મિયતાનો મોટો અભાવ છે કદાચ એનું જ આ પરિણામ છે. આ બે મિત્રોના સંવાદમાંથી એક મહત્વનો પ્રશ્ન એ ઉદભવે છે કે, શું આપણે આપણા બાળકોને બરાબર જાણીએ છીએ ? અથવા તો બીજી રીતે જોઈએ તો શું બાળકો આપણને બરાબર જાણે છે ? અહીં એ અભિપ્રેત નથી કે બાળકો માતા-પિતાની પસંદ-નાપસંદ જાણે કે માતા-પિતા બાળકોની પસંદ-નાપસંદ જાણતા હોય. અહીં એ સંદર્ભ છે કે, માતાપિતા બાળકોનું મન અને બાળકો માતા-પિતાનું મન કશું પણ બોલ્યા વગર સમજી શકે છે ખરા ?

પરિવારના તમામ સભ્યો સાથે બેસે અને કોઈપણ મતલબ કે બેમતલબની વાતોમાં જોડાઈ જાય, કોઈ પણ વાત ઉપર સાથે હસી લે અને સાથે હોવાપણાનો હૃદયપૂર્વકનો આનંદ લે એવુ બને ખરૂ ? પણ આવુ જ્યારે બને ત્યારે સૌને એક સરખી ખુશીની અનુભુતિ થયા વગર નથી રહેતી. જ્યારે પરિવારના તમામ સભ્યો એક સાથે બેસે ત્યારે વાતોના વિષયો શોધવાના જવા ન પડે. એક પછી એક વિષયો આપોઆપ નીકળતા જાય. દિવસ દરમિયાન ઓફિસમાં મળતા અનેક લોકો, એમની સાથે થતાં ડીલીંગ, નાની મોટી ઘટનાઓ વગેરેનું વર્ણન વાતોના વિષય બની જતા હોય છે. એના તાણાવાણમાંથી અનુભવની શિક્ષા અને ક્યારેક ભાવિ અગમચેતીના પદાર્થપાઠ પણ મળતા હોય છે. ક્યારેક કશા કારણ વગરની વાતચીત પણ ચિત્તને આનંદ આપી જાય એવુ પણ બને.

જો કે, આજે દરેક પરિવારોમાં દિવસની ઘટનાઓની ચર્ચા કરવાની વાત તો દૂર સાથે બેસવાનો પણ સમય નથી. આની પાછળના કારણો બધાએ સાથે મળીને નહીં પ્રત્યેક વ્યક્તિએ વ્યક્તિગત રીતે તપાસવા પડે. શું એને ઓફિસના લોકો સાથે વાતચીતમાં કે ઑફિસ કામમાં વધુ મોજ આવે છે ? શું પરિવારના લોકો માટે એને કોઈ આદર કે લાગણી નથી ? પરિવારના સભ્યોની કક્ષા એમને વધારે ઊંચી કે નીચી લાગે છે ? સો વાતની એક વાત છે બોસ, જે લોકો અને જે સ્થળ હૃદયની નજીક હોય ત્યાં જબાન ખુલ્લા દિલે ચાલે નહીં દોડવા લાગે. જ્યાં જીભ ઉપર તાળા વાગી જાય ત્યાં સમજવું કે સમજણનો અભાવ છે કે, પછી ત્યાં સાથે બેઠેલા લોકોમાં એને રસ જ નથી. આપણા શાસ્ત્રોમાં કહ્યું છે કે, જેનું અન્ન ભેગુ એનું મન ભેગુ. કદાચ એટલે જ આપણા વડિલોએ પરિવારના તમામ સભ્યોએ સાથે બેસીને જમવાની વાતને વિશેષ મહત્વ આપ્યું છે. પરંતુ ખાટલે મોટી ખોડ એ છે કે, આજકાલ પરિવારોમાં એકસાથે બેસીને જમવાની વાત જ ભુલાઈ ગઈ છે. પિતા એના સમયે જમી લે પુત્ર કે પુત્રી, પુત્રવધૂ એમને અનુકુળ હોય ત્યારે થાળી માંડે. જમવાનો કોઈ સમય નિશ્ચિત નથી રહેતો. મનફાવે ત્યારે ડીશ લઈને જમી લેવાનો નવો ટ્રેન્ડ બહુ ખતરનાક છે.

આપણા શાસ્ત્રોની ભોજનઐક્યની પ્રણાલીને હવે શાળાઓમાં ફરી પાછી શરૂ કરવામાં આવી રહી છે એ આવકાર્ય બાબત છે. કેટલીક શાળાઓમાં બાળકો અને શિક્ષકો સાથે બેસીને મંત્રોચ્ચાર બાદ સમૂહ ભોજનનો પદાર્થપાઠ શીખવાડવાની શરૂઆત થઈ છે. ગાંધીનગર શહેર નજીક આવેલી અત્રી તપોવન શાળામાં આ પ્રકારનો મજાનો પ્રયોગ થઈ રહ્યો છે. આ શાળાના વાર્ષિકોત્સવમાં પણ ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારના દર્શન થયા વિના નથી રહેતા. આ વર્ષે અત્રી તપોવન શાળાના વાર્ષિકોત્સવ કાર્યક્રમમાં અષ્ટાવક્રજીનુ નાટક, રામ સીતા રાસ રસૈયા, પૃથ્વીરાજ ચૌહાણ નૃત્ય નાટિકા, આઝાદી કે શોલે જેવા વિચાર પ્રેરક કાર્યક્રમો યોજાયા હતા. અહીં અપાતા વાર્ષિક એવોર્ડ પણ અનોખા છે. આદર્શ કક્ષ, મમત્ત્વ, શ્લોકગાન, આદર્શ નેતૃત્ત્વ વગેરે જેવા સંસ્કાર ઉજાગર કરતા એવોર્ડ બાળકોમાં શિક્ષણ સાથે પારિવારિક સંસ્કારનુ ભાથુ પણ બાંધી આપવામાં મદદ કરે છે.

તાજેતરમાં થયેલા એક અભ્યાસમાં એવું તારતમ્ય બહાર આવ્યું છે કે, એક છત નીચે રહેતા પરિવારના ચાર સભ્યો પોતાની જાતને ડિસકનેકટેડ હોવાની લાગણી સતત અનુભવે છે. આની પાછળનું મુખ્ય કારણ વ્યક્તિ પોતે જ છે. એણે સ્વયં વિચારવું પડે કે, પરિવારના અન્ય સભ્યો સાથે કેવી રીતે વધુમાં વધુ એટેચ્ડ રહી શકે ? પરિવારમાં એક બીજા સાથે એડજેસ્ટમેન્ટમાંથી કેરીંગનો જન્મ થાય છે. એક બીજાની કેરમાંથી જ લવના અંકુરો વિકસતા હોય છે.

ઘરમાં અંદર અંદર આગ્રહની ક્યાં જરૂર છે ? આવુ સમજતાં લોકોએ, એ પણ સમજી લેવું પડે કે, જ્યારે એમને ભોજન વેળા કોઈ વાનગી માટે કે વસ્તુ લેવા માટે આગ્રહ કરવામાં આવે ત્યારે કેવું સારું લાગે છે ? જ્યારે બિમાર હોય ત્યારે એમની દવાની સંભાળ અને ખબર અંતર પુછાય ત્યારે કેવું રૂડું લાગે છે ? બહારથી આવે ત્યારે સ્મિત સાથે આવકાર કેવો મીઠો લાગે ! આવું જ બીજા માટે જ્યારે તમે કરો ત્યારે અવશ્ય પ્રેમના અંકુરો ફૂટે જ છે. બાળકો થોડા મોટા બનતા એમના સંપર્કો વધે અને થોડા ઘણાં સક્ષમ બને ત્યારે 'બાપથી બડા' બનવાની ચાહમાં પરિવારમાં સંવાદ આપોઆપ ઘટી જાય છે. પરિણામે અર્થ વગરનું અંતર વધતુ જાય છે. બહારના લોકોને ખબર પડે અને ઘરના લોકો એ વિશે કશુ જ ન જાણતા હોય એવું બને.

આવી પરિસ્થિતિ નિવારવા સૌથી પહેલા દરેક પરિવારોમાં એક એવો નિયમ દાખલ થવો જોઈએ કે સાંજે પરિવારના તમામ સભ્યો ઘરમાં પગ મૂકે એ સાથે તમામ ગેઝેટ્સ બંધ કરી સો ટકા પરિવાર સાથે જોડાઈ જાય. મોબાઈલ ફોન, ટીવી, ઓટીપી, રેડિયો વગેરે ઘરમાં સદંતર બંધ હોવા જોઈએ. બીજુ ઘરના કામમાં બધા સાથે મળીને હસીખુશીથી જોડાવા જોઈએ. જેમ કે, રસોઈ, સાફ-સફાઈ વગેરે જેવા કામ માટે ઘરની તમામ મહિલા સાથે મળીને બોજ સમજીને નહી પણ મારૂ સમજીને હસતા ખેલતા કામ કરે. આનાથી બે ફાયદા થઈ શકે. એક તો કામ ઝડપથી પૂરું થાય અને બીજું એક બીજાની માટે પ્રેમની લાગણી વધુ બળવત્તર બને. એ જ પ્રમાણે ગાર્ડનીંગ, રોકાણો, ઘરની મહત્વની ફાઈલો, પ્રવાસ વગેરે અંગે પરિવારના પુરુષ સભ્યો સાથે મળીને કામ કરી શકે. જો કે આ ડિવિઝનમાં વોટરટાઈટ કંપાર્ટમેન્ટની બિલકુલ જરૂર નથી. કુટુંબના બધા સભ્યો બધા જ કાર્યમાં જોડાય તો પણ ઉત્તમ પરિણામો પ્રાપ્ત થઈ શકે.

એક મુદ્દો એ પણ છે કે, રોજ એક એવો સમય સુનિશ્ચિત થવો જોઈએ કે જ્યારે પરિવારના તમામ સભ્યો એક સમયે ભેગા મળે અને વાતચીત કરે. એક ઘરમાં કે એક રૂમમાં સ્થૂળ અર્થમાં બેસી રહેવામાં કોઈ સાર નથી. એક બીજાના મન હૃદય સુધી પહોંચવા મનની વાત કરવી પડે. કોઈપણ વાત કોઈપણ રીતે થાય અને એમાં પરિવારના સભ્યો જોડાય તો એમાંથી સૌહાર્દ જન્મે. જ્યારે પરિવારમાં એક વ્યક્તિ બીજાની કેર નથી લેતી અને બીજી વ્યક્તિ સતત ખાવા, પીવા સફાઈ વગેરે માટે કેર લે છે તો એ લાંબો સમય નથી ટકી શકતુ. સમય જતા એ કેરીંગ નેચર બદલાતા વાર નથી લાગતી.

પરિવારના તમામ સભ્યોને ઘર પોતાનું છે અને ઘરના તમામ સભ્યો મારા અંગત છે એવી લાગણી નહીં થાય ત્યાં સુધી આંતરિક આનંદનું ઝરણું નહી વહી શકે. ઘરની નાની મોટી તકલીફ, ક્યાંક નળમાંથી ટપકતું પાણી કે કોઈ રૂમમાં પંખાનો પ્રોબ્લેમ થાય અને બધા સાથે મળીને એ પ્રશ્ન હલ કરે એની મજા છે. કદાચ એ પ્રશ્ન હલ ન પણ થાય પ્લંબર કે ઈલેક્ટ્રિશીયનને બોલાવવો પણ પડે પરંતુ બધા સાથે હોવાનો આનંદ જરૂર થાય. ઘણીવાર એવું પણ બને કે, ઘરના કોઈ રૂમમાં પરિવારના બે ત્રણ સભ્યો કોઈ તકલિફ હલ કરવા મથતા હોય અને પરિવારની કોઈ વ્યક્તિ બીજા રૂમમાં આરામથી બેસી રહે. એના પેટનું

અનુસંધાન પાના નં. ૭ પર

હોળી પ્રગટાવવાની કે પછી હોળી સળગાવવાની ? કે પછી હોળી કરવાની ?

આજે સવારે જ છ વર્ષની નાની દીકરીએ પૂછ્યું કે હોળી ક્યારે સળગાવવાની છે ? તરત જ તેની મમ્મીએ તેને ટપારતા કહ્યું કે સળગાવવાની નહીં પરંતુ પ્રગટાવવાની છે તેવું કહેવાય. એ નાની અને દુનિયાદારીથી અણસમજું દિકરી તો આનો ગૂઢાર્થ શું સમજવાની હતી ! આ પછી કદાચ એ એમ પણ પૂછત કે આપણે હોળી ક્યારે કરવાની ! ગનીમત કે એવું તેણે પુછ્યું નહીં અને અમારે ફરી એને ટપારવી પણ ન પડી. પણ આપણે કાયમ જોતા આવ્યા છીએ કે હોળી સળગાવનારા અને હોળી કરનારા આપણા જ સ્વજનો ક્યાં કોઈ દિવસ પાછા પડતા હોય છે !

આ વખતે હોળી ક્યારે છે? એવો પ્રશ્ન કદાચ ગૂગલમાં સૌથી વધુ શોધાયો હશે. શોલેના ગબ્બરસિંહની જેમ "કબ હૈ હોલી?" પૂછતા આપણે નજરે ચડ્યા હતા. પણ જેઓ હંમેશા કો'કનું સળગાવવામાં જ માહેર હોય એ લોકોએ તો હોળી ક્યારે છે, તેવું પુછવાની જ આવશ્યકતા નથી. તેમને તો રોજ જ હોળી છે.

આવતીકાલે ધૂળેટી છે, ચહેરા પર ગુલાલ લગાડીને પ્રેમથી ગળે મળવાનો દિવસ છે. પણ હોળી સળગાવીને કાયમ રંગ બદલતા મિત્રો અને કહેવાતા આપણા સ્વજનો રોજ હોળી અને ધૂળેટી ઉજવતા નજરે ચડે છે. હોલિકા તો એમનેમ જ હજી વગોવાય છે, બાકી પળેપળ કેટલાય પ્રહલાદો હોળીમાં હોમાય છે. વળી આપણે પણ પાછા પ્રહલાદ જેટલા વિષ્ણુભક્ત ક્યાં છીએ કે સળગતી જ્વાળાઓથી બચી શકીએ ! આપણી તો ભક્તિ પણ કાચી પડે છે, માટે જ શબ્દોરૂપી હોળી દ્વેષરૂપી હોળી ઈર્ષારૂપી હોળી આપણને હોમી ખાય છે.

કહે છે ને કે દરેક માણસ ત્યાં સુધી જ સારો છે જ્યાં સુધી તેનો અહંકાર ઘસાતો નથી. દરેક માણસ ત્યાં સુધી જ પ્રામાણિક છે જ્યાં સુધી તેને ચોરી કરવાની તક મળતી નથી. દરેક માણસ ત્યાં સુધી જ દયાળુ છે જ્યાં સુધી તેનામાં શક્તિ આવી જતી નથી. બીજાની ચડતી જોઈને આપણે મનોમન બળે રાખીએ છીએ બીજાનું સુખ જોઇને આપણું દુઃખ આપણને વધુ બાળે છે. આપણા સુખથી આપણે સુખી નથી. બીજાના અભાવમાં આપણો પ્રભાવ ઊભો કરવામાં આપણો સમય પસાર થતો જાય છે.

નાના હતા અને હોળીનો નિબંધ પુછાય ત્યારે લખતા હતા કે આ તિથિએ હોળી આવે છે. પ્રહલાદ અને હોલિકાની વાર્તા લખીએ. અને વળી છેલ્લે હંમેશા ટપકાવીએ કે આ હોળીમાં આપણે આપણો અહંકાર, દ્વેષ, ઈર્ષા આ બધું જ હોમી દેવાનું છે. ત્યારે ક્યાં ખબર હતી કે આ બધાને તો આપણે વધુ ઘી આપીને પ્રજ્વલિત કરતા રહીએ છીએ. નિષ્પાપ અને નિષ્કપટ એવા બાળકોને પણ જલદી જલદી વ્યવહારિકતામાં અથવા તો સીધું જ કહો ને કે કપટની દુનિયામાં ઢાળી દેવા માટે મથીએ છીએ.

રંગ બદલતા જતા આ સમયમાં બહુરૂપી ન બનીએ કે બહુરંગી ન થઈ શકીએ તો આ ચૂહા દોડની સ્પર્ધામાંથી બહાર ફેંકાઈ જઈશું તેવી સુફિયાણી સલાહ સતત આપણને આપવામાં આવતી હોય છે. અને આપણે પણ આજ્ઞાંકિત બાળકની જેમ આ સૂચનોનું બરાબર પાલન કરીએ છીએ.

જીવનમાં ગમે તેટલા આગળ વધીએ છતાં થોડાક લોકોથી તો આપણે પાછળ રહી જ જવાના છીએ અને તેવી જ રીતે જીવનમાં ગમે તેટલા પાછળ પડી જઈએ છતાં થોડાક લોકોથી તો આપણે આગળ જ રહેવાના છીએ હંમેશ માટે આપણે સૌથી આગળ કે સૌથી પાછળ તો નથી જ રહેવાના તો પછી શા માટે જ્યાં છીએ તેનો આનંદ ન લઈને જ્યાં નથી જઈ શકતા તેનો અફસોસ કરતા રહેવો.

હોળી એક જ એવો તહેવાર છે જે વર્ષમાં એકવાર નહીં પરંતુ વારંવાર આવતો હોય છે. કોઈનો પ્રસંગ હોય બધું સુંદર ચાલતું હોય તો ત્યાં જઈને કોઈની ખુશીઓ ન જોઈ શકતા સ્વજનો જ હોળી સળગાવતા હોય છે. કોઈનું જીવન શાંતિથી ચાલતું હોય તો કોઈના જીવનની શાંતિ ડહોળવા માટે પણ સમાજના પંચાતિયા લોકો હોળી સળગાવતા જ હોય છે.

માટે જ એવું લાગે છે કે હોલિકાનું દહન કરીને આપણે દંભી માણસો આપણામાં રહેલી હોલિકાને હંમેશા માટે જીવંત જ રાખીએ છીએ.

માત્ર એક દિવસ જ નહીં, હંમેશા હોળીની જેમ સળગતા રહેતાં દ્વેષીઓની ભરમાર આપણી આસપાસ જ રહેવાની. કોઈ કારણ વગર આપણી ઉન્નતિ અથવા તો સફળતાથી કે સુખથી હાડોહાડ સળગી જતા આપણા સ્વજનો એમનેમ કાંઈ આપણને 'હેપી હોલીના' [illegible] થોડા મોકલે છે! નહીંતર તમે જ વિચારો જે હોળાષ્ટકમાં કોઈપણ શુભકાર્ય કરી શકાય ? અને લોકો હેપી હોલી ના સંદેશો મોકલતા હોય એનો શું અર્થ સમજવો ?

આમ જોવા જઈએ તો અર્જુને તો વ્યક્તિગત રીતે કર્ણનું કશું જ બગાડ્યું નહોતું છતાં પણ કર્ણએ તેની સામે આજન્મ વેર આદર્યું હતું. તેવી જ રીતે કેટલાક લોકો આપણી વગર કારણે જ ઈર્ષા કરતા હોય છે. ૧૨ મહિના અને ૩૬૫ દિવસ આવી રીતે સળગતા રહેતા અભાગિયાઓ માટે તો હોળી એક જ દિવસ થોડી હોય છે!!

સમય ક્યાંનો ક્યાં નીકળી જાય દુનિયા પહોંચી જાય પણ સળગતા રહેતા લોકો ક્યાંય પહોંચતા નથી અને તેમને જે પેટમાં દુખતું રહેતું હોય છે તેને ક્યાંય દવા પણ નથી હોતી હોળી હંમેશા સળગતી રહેવાની છે. સાવ ચોખ્ખા-ચણાક કપડા પહેરીને ધૂળેટીમાં દેખીતો રંગ તો ક્યારેય ન ઉડાડતા કેટલાય માણસો છદ્મ રંગો લઈને કોઈકના જીવનમાં કાળપ જ ચોળવા નીકળતા હોય છે.

આવા અંદરથી સળગી મરનારાઓને કોઈ એસિડીટીની દવા કામ લાગતી નથી. ઈનોવાળા બિચારા ઉપરથી હેઠા પડી જાય તોય આવા બળતણીયાઓની જલન ઓછી થાય જ નહીં. આમાં આપણે પણ શું કરી શકીએ આવા કમભાગિયાઓની દયા ખાય શકીએ. અને વારંવાર બળતા રહેવાના પ્રસંગો આપી શકીએ કે જેથી ઈ બધા કામ હગડ રેપ.લ્યો ત્યારે આજના દિવસે ઈ હંધાય જલનવીરોને હોલી મુબારકપઅને પાછું કહેવું પડશે ને કે "બુરા ના માનો હોલી હૈ."

પ્રાચીન સંતવાણી આજે એટલી જ પ્રસ્તુત છે, આવનારા સમયમાં પણ રહેશે

'જૈન ધર્મ આત્માનો ધર્મ છે. મારી સમજ મુજબલ એમાં એક જીવનશૈલી છે, એમાં વિજ્ઞાન પણ છે. પ્રત્યેક ધર્મમાં નમસ્કારની ભાવના છે. એમ જૈન ધર્મમાં પણ નવકાર મંત્રમાં અરિહંતોને, સિદ્ધોને, આચાર્યોને, ઉપાધ્યાયો અને સાધુઓને વંદન કરાયા છે. કોઈ ગુણ વિશેષની વંદના છે, વ્યક્તિની નહિ, એટલે જ મને આ વિચાર આવ્યો....'

વિશ્વભરમાં જેમની સ્વર સુગંધ પ્રસરી છે એવા ગીતકાર - સ્વરકાર - ગાયક, જૈન સમાજમાં લોકપ્રિય કલાકાર આશીષ મહેતાઓ મને કહ્યું.

કયા સવાલના જવાબમાં મને કયા સ્થળે કહ્યું એના ઉત્તર સુધી જવા શબ્દયાત્રા કરીએ છત્તીસગઢના રાયપુર શહેરની. અહીં શ્રી ઋષભદેવ મંદિર ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં તા. ૨૩-૦૨-૨૦૨૩ થી ૦૪-૦૩-૨૦૨૩ દરમિયાન ભવ્ય અને દિવ્ય અંજનશલાકા મહોત્સવ ઉજવાઈ ગયો. 'પ્રભુના પરમ પ્રેમને પામવાનો અવસર એટલે અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ' આવા સૂત્ર સાથે યોજાયેલા આ મહોત્સવમાં આશીષ મહેતાના નિમંત્રણથી કાર્યક્રમ સંચાલનનો અવસર મને મળ્યો હતો. આ દિવસો દરમિયાન ખરતર ગચ્છાધિપતિ શ્રી જિનમણીપ્રતિ સૂરીશ્વરજી મહારાજના સાનિધ્યમાં પંચ કલ્યાણક ઓડિયો - વીડિયો ડ્રામા અને ડાન્સ સઆથે પ્રસ્તુત થયા અને રોજ રાત્રે ભક્તિ સંગીતના કાર્યક્રમો પણ થયા. તમામ પ્રસ્તુતિ પૂર્ણપણે હિન્દી ભાષામાં થઈ. જે ભક્તિપદો ગવાયા તેમાં આનંદઘનજી, યશોવિજયજી, દેવચંદ્રજી, જ્ઞાનવિમલજી, તથા અન્ય કવિઓના પ્રાચીન પદો ઉપરાંત આશીષ મહેતાએ લખેલા અર્વાચીન પદો પણ ગવાયા. કાર્યક્રમો એવા થયા જેમાં એક હતો અભિજીત ઘોષાત પ્રસ્તુત 'તું હી મન તું જીવન, બીજો હતો 'શબ્દ સે નિ:શબ્દ કી યાત્રા' સૂફી ભક્તિ જે રજૂ કરી દિલ્હીના સાધો બેન્ડે, ત્રીજો વિશેષ કાર્યક્રમ હતો વિશ્વ પ્રસિદ્ધ 'નીરજ આર્યના કબીર કેફે' નો જેમાં કબીરના જ પદો રજૂ થયા. આ ઉપરાંત જે કાર્યક્રમો થયા એની પ્રસ્તુતિને રાયપુરના હજ્જારો શ્રોતાઓએ પ્રેમથી વધાવ્યા. આ ક્ષણે લેખના આરંભે લખેલો સંવાદ એમની સાથે થયો હતો. સામાન્ય રીતે થતા ભક્તિ સંગીતના કાર્યક્રમોમાં થોડી દુરંદેશીતા અને પરિવર્તનશીલ વિચારધારા કોઈ રજૂ કરે એન એનો સહજ સ્વીકાર થાય ત્યારે પ્રસ્તુત કરનાર કલાકાર - આયોજક બંનેને સંતોષ થતો હોય છે. અહીં એવી જ અનુભૂતિનો અનુભવ થયો.

સૂફીઝમમાં પ્રેમની પ્રતિતી-પ્રીતિ અને પ્રાપ્તિ છે. એક કથા છે કે એક શિષ્ય ગુરુ પાસે શિક્ષા લેવા ગયો તો ગુરુએ ના પાડી, કારણ તો કહે કે તું હજી કોઈને પ્રેમ નથી કરી શકતો.... દાદુ દયાલ લખે છે જબ લગ શીશ ન શોંપીયે તબ, લગ ઈશ્ક ના હોય, આશિક મરને કા ડરે, પિયે પિયાલા સોય....

૧૫મી સદીના થઈ ગયેલા સંત કવિ કબીરના પદોએ એક ભક્તિ આંદોલન જગાવ્યું જે આજે પણ એટલું જ પ્રસ્તુત છે. કબીર અને એમના જેવા જ અનેક સંત કવિઓના પદો વારંવાર - સાંભળનારને વાસ્તવમાં એકતાર કરે છે અને સમય જતા એની અસરમાં માણસ ખાલી થતો જાય છે. જ્ઞાન માર્ગ હોય કે ભક્તિ માર્ગ, ગુરુ પાસે જનારે પોતાના મનને અને હૃદયને ખાલી કરીને જવું પડે છે. ખાલી થયેલો માણસ ભક્તિથી પ્રેમથી ભરાઈ શકે છે. જેને પ્રેમની અનુભૂતિ સ્પર્શી ગઈ એ પ્રસન્નતાથી સભર થઈ જાય છે.

પ્રાચીન સંતવાણી આજે એટલી જ પ્રસ્તુત છે. આવનારા સમયમાં પણ રહેશે કારણ કે એમાં સર્વકાલીન અભિવ્યક્તિ છે. ઈન્ડિયન અને વેસ્ટર્ન ઈન્સ્ટ્રુમેન્ટ સાથે રજૂ થાય કે માત્ર લોક સંગીત રૂપે રજૂ થાય. એમાંથી વ્યક્ત થતું પરમ સત્ય કોઈ પણ વ્યક્તિને આકર્ષે જ છે. શ્રોતાઓની સાથે કનેક્ટ થાય જ છે. આ કાર્યક્રમો ઉપરાંત મુંબઈ - અમદાવાદના ઉત્તમ ગાયકો એ એટલા જ ઉત્તમ વધિકારો અને સમજણપૂર્વકની સાઉન્ડ સિસ્ટમ સાથે રજૂ કર્યા ત્યારે અદ્દભૂત એવું સૂરમયી વાતાવરણ સર્જાઈ ગયું હતું.

વારી જાંવારે બલિહારી જાવાં રે, અને કયાં લે કે આયા જગતમેં જેવા પદો વન્સમોર પર વન્સમોર થાય,યુવા પેઢી ધાર્મિક ઉત્સવમાં એની સાથે નૃત્ય કરે - ત્યારે આ દ્રશ્ય મધુર સંભારણું બની રહે છે. કલાકાર તરીકે ખુબ પ્રવાસો કર્યા, હજી કરવાના છે એમાં રાયપુરનો આ પ્રવાસ વિશેષ રૂપે આંતરિક અજવાળા પાથરનાર રહ્યો.